એચ.આર.ટી-૯
ચાલુ બાબત સી.એસ.એસ.(૬૦:૪૦)
૨૦૧૮-૧૯ સુધારા ઠરાવ:

એચ.આર.ટી ૯ કેન્દ્ર પુરસ્કૃત યોજના ગુજરાત હોર્ટીકલ્ચર મિશન અંતર્ગત ગ્રીનહાઉસ/નેટહાઉસની સહાયની શરતો/બોલીઓ, સહાયનાં ધોરણોમાં સુધારો કરવા બાબત

કૃષિ અને સહકાર વિભાગ
ક્રમાંક. ........
21 JUL 2018

ગુજરાત સરકાર
કૃષિ, ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગ
ઠરાવ ક્રમાંક: બગત/૨૦૧૭/૧૯૫૬/ક-૮
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: **૧૮/૦૭/૨૦૧૮**

**વંચાણે લીધા:**

૧. કૃષિ, ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગના તા.૦૨/૦૪/૨૦૧૮ ઠરાવ ક્રમાંક:બગત/૨૦૧૭/૧૯૫૬ /ક-૮

૨. બાગાયત નિયામકશ્રીની કચેરી, ગાંધીનગરના તા.૨૩/૦૩/૨૦૧૮ પત્ર ક્રમાંક:બગત/બ-૯/૧-૧૮/ ૩૯૮૪-૮૫/૨૦૧૮

**આમુખ :-**

૧. કેન્દ્ર પુરસ્કૃત મિશન ઓન ઇન્ટીગ્રેટેડ ડેવલોપમેન્ટ ઓફ હોર્ટીકલ્ચર (MIDH) યોજના એચ.આર.ટી-૯ ને ભારત સરકારના હીસ્સા પેટે રૂ. ૬૦૮૪.૦૦ લાખ અને રાજ્ય સરકારના હીસ્સા પેટે રૂ. ૪૦૫૬.૦૦ લાખ એમ મળીને કુલ રૂ. ૧૦૧૪૦.૦૦ લાખની ચાલુ બાબત તરીકે વંચાણે લીધા ક્રમાંક:૧ મુજબનાં આ વિભાગનાં તા. ૨૮/૦૬/૨૦૧૮નાં ઠરાવથી વહીવટી મંજુરી આપવામાં આવેલ છે અને યોજનાની શરતો, બોલીઓ અને સહાયનાં ધોરણો નિયત કરેલ છે.

૨. કેન્દ્ર પુરસ્કૃત મિશન ઓન ઇન્ટીગ્રેટેડ ડેવલોપમેન્ટ ઓફ હોર્ટીકલ્ચર (MIDH) યોજના હેઠળ એચ.આર.ટી-૯ હેઠળ ગ્રીનહાઉસ/નેટહાઉસની સહાય શરતો/બોલીઓ, સહાયનાં ધોરણોમાં સુધારો કરવા વંચાણે લીધા ક્રમાંક:૨ મુજબનાં તા.૨૩/૦૩/૨૦૧૮નાં પત્રથી બાગયત નિયામકશ્રીની કચેરી, ગાંધીનગરે યોજનાનાં પરિશિષ્ટ-૨ સહાયના ધોરણોના અ.નં B- ૫ રક્ષિત ખેતીનાં (૧) ગ્રીન હાઉસના માળખા માટે (અ) ફ્રેન અને પેડ સીસ્ટમ (બ) કુદરતી વેન્ટીલેટેડ સીસ્ટમ (૧) નળાકાર સ્ટ્રક્ચર તથા (૨) શેડ નેટ હાઉસ (૧) નળાકાર સ્ટ્રક્ચરનાં ધોરણોનાં " ક્રેડીટ લિંકડ બેક એન્ડેડ સહાય " નો ઉમેરો કરવા દરખાસ્ત કરેલ છે.

**ઠરાવ:-**

૩. સરકારશ્રીએ કાળજીપૂર્વકની વિચારણાનાં અંતે કેન્દ્ર પુરસ્કૃત મિશન ઓન ઇન્ટીગ્રેટેડ ડેવલોપમેન્ટ ઓફ હોર્ટીકલ્ચર (MIDH) યોજના એચ.આર.ટી-૯ નાં ઠરાવનાં પરિશિષ્ટ-૨, નેશનલ મીશન ઓન ઇન્ટ્રીગ્રેટેડ ડેવલોપમેન્ટ ઓફ હોર્ટીકલ્ચર: નેશનલ હોર્ટીકલ્ચર મીશન માટેનાં સહાયનાં ધોરણોનાં અનુક્રમ નંબર B-૫ સામેના ઘટક રક્ષિત ખેતી (૧) ગ્રીન હાઉસના માળખા માટેનાં અ) ફ્રેન અને પેડ સીસ્ટમ, બ) કુદરતી વેન્ટીલેટેડ સીસ્ટમ 1) નળાકાર સ્ટ્રક્ચરનાં સહાયનાં ધોરણોના કોલમનં-૩માં સુધારો કરી નીચે મુજબનું ઠરાવવામાં આવે છે.

| અ.નં | ઘટક | સુધારેલ સહાયના ધોરણો |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| B-5 | રક્ષિત ખેતી<br>(૧) ગ્રીન હાઉસના માળખા માટે | |
| | અ) ફ્રેન અને પેડ સીસ્ટમ | ખર્ચના ૫૦ % , લાંભાર્થી દીઠ ૪૦૦૦ ચો.મીની મર્યાદામાં.<br>મહત્તમ એકમ ખર્ચ<br>• રૂ. ૧૬૫૦/- / ચો.મી (૫૦૦ ચો.મી. સુધીનાં વિસ્તાર માટે)<br>• રૂ. ૧૪૬૫/- / ચો.મી (>૫૦૦ / .મી થી ૧૦૦૮ ચો.મી સુધી)<br>• રૂ. ૧૪૨૦/-/ ચો.મી (> ૧૦૦૮ ચો.મી થી ૨૦૮૦ ચો.મી સુધી) |

| | | |
|---|---|---|
| | | • રૂ. ૧૪૦૦/-/ ચો.મી(>૨૦૮૦ ચો.મીથી ૪૦૦૦ ચો.મી સુધી )<br>ઉપરોક્ત સહાય ડુંગરાળ વિસ્તાર માટે ૧૫ ટકા વધારે રહેશે.<br>• એમ્પેનલ થયેલ કંપનીઓ દ્વારા બનાવવાનું રહેશે<br>• ૨૦૮૦ ચો.મી થી ૪૦૦૦ ચો.મી સુધીનાં સ્ટ્રક્ચર માટે ક્રેડિટ લિંક્ડ બેક એન્ડેડ સહાય |
| | બ) કુદરતી વેન્ટીલેટેડ સીસ્ટમ | |
| | ૧) નળાકાર સ્ટ્રક્ચર | ખર્ચના ૫૦ % , લાભાર્થી દીઠ ૪૦૦૦ ચો.મીની મર્યાદામાં.<br>મહત્તમ એકમ ખર્ચ<br>• રૂ. ૧૦૬૦/- / ચો.મી(૫૦૦ ચો.મી. સુધીનાં વિસ્તાર માટે)<br>• રૂ. ૯૩૫/-/ ચો.મી(>૫૦૦ / ચો.મી થી ૧૦૦૮ ચો.મી સુધી)<br>• રૂ. ૮૯૦/-/ ચો.મી(> ૧૦૦૮ ચો.મી થી ૨૦૮૦ ચો.મી સુધી)<br>• રૂ. ૮૪૪/-/ ચો.મી(>૨૦૮૦ ચો.મીથી ૪૦૦૦ ચો.મી સુધી )<br>ઉપરોક્ત સહાય ડુંગરાળ વિસ્તાર માટે ૧૫ ટકા વધારે રહેશે.<br>• એમ્પેનલ થયેલ કંપનીઓ દ્વારા બનાવવાનું રહેશે.<br>• ૨૦૮૦ ચો.મી થી ૪૦૦૦ ચો.મી સુધીનાં સ્ટ્રક્ચર માટે ક્રેડિટ લિંક્ડ બેક એન્ડેડ સહાય |
| | ૨. નેટહાઉસ | |
| | (૧) નળાકાર સ્ટ્રક્ચર | લાભાર્થી દીઠ ખર્ચના ૫૦ %, ૪૦૦૦ ચો.મી ની મર્યાદામાં<br>• મહત્તમ એકમ ખર્ચ રૂ. ૭૧૦/ચો.મી તથા ડુંગરાળ વિસ્તાર રૂ. ૮૧૬/ ચો.મી રહેશે.<br>• એમ્પેનલ થયેલ કંપનીઓ દ્વારા બનાવવાનું રહેશે.<br>• ૨૦૮૦ ચો.મી થી ૪૦૦૦ ચો.મી સુધીનાં સ્ટ્રક્ચર માટે ક્રેડિટ લિંક્ડ બેક એન્ડેડ સહાય |

આ યોજનાની અન્ય શરતો , બોલીઓ અને સહાયનાં ધોરણો અને વિગતો મૂળ ઠરાવ મુજબ યથાવત રહેશે.

આ સુધારા ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાવિભાગની તા. ૨૧/૦૬/૨૦૧૮ અને અધિક મુખ્ય સચિવશ્રી(કૃષિ)ની તા. ૨૧-૦૬-૨૦૧૮ની અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(ભરત પટેલ)
સેક્શન અધિકારી
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

પ્રતિ,

૧ મિશન ડાયરેક્ટર ( NHM ) અને સંયુક્ત સચિવશ્રી, ભારત સરકાર, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર મંત્રાલય, કૃષિ ભવન, નવી દિલ્હી

૨. રાજ્ય મિશન ડાયરેક્ટર અને ચીફ એક્ઝિક્યુટિવ અધિકારી, ગુજરાત હોર્ટીકલ્ચર મિશન , ગાંધીનગર

૩. બાગાયત નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર

૪. સંયુક્ત બાગાયત નિયામકશ્રી, વડોદરા/રાજકોટ

૫. નાયબ બાગાયત નિયામકશ્રી, ગુજરાત હોર્ટીકલ્ચર મિશન હેઠળના સર્વે જિલ્લા અધિકારી

૬. એકાઉન્ટ જનરલશ્રી, અમદાવાદ / રાજકોટ

૭ સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ

૮ પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/ અમદાવાદ

૯ કૃષિ ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગની નાણાં શાખા, બજેટ શાખા, આયોજન શાખા, આઇ ટી શાખા, સચિવાલય, ગાંધીનગર

૧૦ નાયબ સેક્શન અધિકારી- સીલેક્ટ ફાઇલ

૧૧ શાખા સીલેક્ટ ફાઇલ